NAYARA
ENERGY

## PRESS COVERAGE:

**PUBLICATION NAME: AKILA (GUJARATI DAILY)**
**CITY:** JAMNAGAR
**DATE:** 24-07-2018
**PAGE NO.** 04
**TOTAL SQ. CM.** 243
**TITLE:** ***Mithoi's farmer cultivate worthy crop of dates by support of Nayara Energy Limited***

---

# નયારા એનર્જી લિ. ના સહયોગથી મીઠોઇના ખેડૂતે ઉતાર્યો મીઠી ખારેકનો મબલખ પાક

## જૈવિક ખેતીની તાલીમ, રોપાઓનું વિતરણ,સ્થળ પર માર્ગદર્શન, ઉત્પાદિત પાકનું વેચાણ કરવાના સહકારથી ખેડૂતની આવકમાં વધારો

(મુકુંદ બદિયાણી દ્વારા) જામનગર તા ૨૪ : ન્યારા એનર્જી લિ. એ હાથ ધરેલા ઔદ્યોગિક સમાજીક જવાબદારીના અધિયાન થકી મીઠોઇ ગામના ખેડૂતે જૈવિક ખેતી



અંતર્ગત ખારેકના પાકનું મબલખ ઉત્પાદન કરી ખેતીની આવકમાં નોંધપાત્ર વધારો કર્યો છે. ખેડૂતને તાલીમ, રોપા, માર્ગદર્શન અને ઉત્પાદિત પાકના વેચાણમાં પણ કંપનીએ સહયોગી બની 'મીઠોઈની મીઠી ખારેક' ને પંથકમાં વિખ્યાત કરી દીધી છે.

નયારા એનર્જી િ. દ્વારા રિફાઈનરી નજીકના ગામોના ખેડૂતોને જૈવિક ખેતી થકી વધુ આવક થાય એ માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે, આ અધિયાનની સફળતાના ફળ ખેડૂતોને મળી રહ્યા છે. જેનો નોંધપાત્ર" દાખલો જોઈએ તો રિફાઈનરીની સામે આવેલા મીઠોઈ ગામમાં રહેતા હીરાભાઈ સીદાભાઈ રોશિયા નામના ખેડૂત આજે "મીઠોળની મીઠી ખારેક" ના અગ્રિમ વિક્રતા બની ગયા છે. ખારેકની જૈવિક ખેતીમાંથી હીરાભાઈની આવકમાં વધારો થયો છે.

હીરાભાઈ રોશીયા તેમનો સુઃખદ અનુભવ વર્ણવતા કહે છે કે "જૈવિક ખેતી અંગે પ્રોત્સાહન પૂરૂ પાડવામાં નયારા એનર્જી લિ. નું વિશેષ યોગદાન છે. અગાઉ કંપનીએ જૈવિક ખેતી અંગે યોજેલી તાલીમ શિબીરમાં મને ભાગ લેવડાવ્યો હતો. બાદમાં મારા નાનકડા ખેતરમાં બારહી જાતની વિખ્યાત ખારેકના ૧૪ રોપાઓ કંપનીએ વિના મૂલ્યે આપ્યા હતા. જેને ખેતરમાં રોપ્યા પછી નિયમીત રીતે રોપાઓને પાણી મળી રહે એ માટે ટપક સિંચાઈ પધ્ધતિની સુવિધા ઉભી કરવા માટે સહાય મેળવવા ઉપયોગી મદદ કરી હતી. સૂર્યપ્રકાશ,પાણી, ખાતર વગેરે અંગે કંપનીના નિષ્ણાંતોએ સ્થળ પર આવી માર્ગદર્શન પુરું પાડયું હતું. જેને પગલે આ વર્ષે ખારેકનું મબલખ ઉત્પાદન કરી શકાયું છે. ખારેકના વેચાણમાં સારો ભાવ મળી રહે એ માટે નયારા એનર્જી ટાઉનશીપમાં વ્યવસ્થા પણ ગોઠવી અપાઈ હતી. નયારા એનર્જી લિ. ના સહયોગથી હું ખારેકની સાથે સાથે જૈવિક ખેતી થકી શાકભાજીનું પણ ઉત્પાદન કરી આવક મેળવી રહયો છું" બારહી ખારેકની વાત કરીએ તો એ તમામ પ્રકારની ખારેકમાં બારહી ખારેક સ્વાદમાં ખુબજ મીઠી-મધુરી હોય છે તેમજ તેમાં ફાઈબર, આયરન, પોટેશ્યમ, વિટામીન-બી જેવા પૌષ્ટિક તત્વો હોય છે. ઉપરાંત બટરસ્કોચ જેવી તેની ફેવર સૌને ભાવે છે આથી તેના વેચાણમાં પણ સરળતા રહે છે.

ખારાશવાળી જમીન ધરાવતા ખેડૂતોની આવકમાં વધારો થાય એ માટે શ્રેણીબધ્ધ પગલાઓ ભર્યા છે, જેમાં ટપક સિંચાઈ પધ્ધતિ, જૈવિક ખેતીની તાલીમ,પ સ્થળ પર માર્ગદર્શન વગેરેનો સમાવેશ થાય છે. આ માટે "બાયફ" સંસ્થાને સાથે રાખી પગલાઓ ભરવામાં આવી રહ્યા છે. મીઠોઈની મીઠી ખારેક વિખ્યાત બન્યાબાદ આજે અન્ય ગામના ખેડૂતો હીરાભાઈના ખેતરની મુલાકાત લઈ રહ્યા છે.(૩.૧૧)